# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-05-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્ર: 103 રેલવે મથકોનું વર્ચ્યુલી ઉદઘાટ: સામખિયાળી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના બિકાનેરથી આજે રાજ્યના 18 સહિત દેશભરના 103 પુનઃવિકસિત અમૃત રેલવે મથકોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ કહ્યું કે રેલવેના મુસાફરોની સુવિધાઓ માટે દેશભરના એક હજાર ત્રણસો રેલવે મથકોનો પુનર્વિકાસ થઇ રહ્યો છે.

આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા શ્રી મોદીએ ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે ભારતીય સેનાએ 22 મિનિટમાં જ આતંકવાદીના નવ ઠેકાણાઓને નેસ્તનાબૂદ કર્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી રેલવે મથક ખાતે ઉપસ્થિત રહ્યા.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 13.64 કરોડના ખર્ચે નવીનકરણ પામેલા સામખિયાળી રેલ્વે સ્ટેશનનું પણ આજે ઉદઘાટન કરાયું. કચ્છ લોકસભા બેઠકના સામખિયાળી અને મોરબી અમૃત સ્ટેશનની આજે પ્રધાનમંત્રીએ પ્રવાસી જનતાને ભેટ આપી છે તેવૂં કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઇ ચાવડાએ જણાવ્યું હતું. ઉદઘાટન પ્રસંગે ભચાઉ અને ગાંધીધામના ધારાસભ્યો, રેલવેના અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નવીનીકરણ પામેલા સામખિયાળી રેલવે સ્ટેશન પર પ્રવાસીઓ માટે અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આમાં વિશાળ વેઇટિંગ રૂમ, લિફ્ટ, ઊંચા અને લાંબા પ્લેટફોર્મ અને પીવાના પાણી માટે વોટર કૂલર જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે સામખીયાળી સહિત ગુજરાતના 18 રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરાયો છે.

-----------------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં ઓવરહેડ માળખાને અંડરગ્રાઉન્ડ કરાશે

ગાંધીધામમાં રૂપિયા 247 કરોડના ખર્ચે વીજળીના ઓવરહેડ સમગ્ર માળખાને અંડરગ્રાઉન્ડ કરવાના પ્રોજેકટનું આગામી 26મીના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ખાતમુહૂર્ત કરાશે. ચક્રવાત પ્રતિરોધક ભૂગર્ભ કેબલ વીજળી વિતરણ પ્રોજેકટના અમલીકરણથી ગાંધીધામ શહેરના ૫૩ હજાર વીજગ્રાહકો તથા ઉદ્યોગોને સીધો લાભ થશે. પ્રાપ્ત માહિતી અનુસાર ૧૧ કે.વી. ફીડર, એલ.ટી. લાઇન અને સર્વિસ વાયરમાંથી સમગ્ર ઓવરહેડ વીજળી વિતરણ માળખાને ચક્રવાત-પ્રરોધક ભૂગર્ભ કેબલ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ પ્રોજેકટમાં કુલ ૬૫ ચોરસ કિ.મી. વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લામાં સૌ પ્રથમ વખત ગાંધીધામ ખાતેથી આ અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સંપૂર્ણ ઓવરહેડ-ટુ-અંડરગ્રાઉન્ડ રૂપાંતર પ્રોજેકટનો અમલ કરવામા આવનાર છે.

---------------------------------------------------------------------------------------

## નખત્રાણામાં તિરંગા યાત્રા

નખત્રાણામાં ઓપરેશન શીંદુરના સમર્થનમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં 500થી વધુ નાગરિકોએ દેશભક્તિના ગીતો સાથે ભાગ લીધો હતો. તિરંગા યાત્રા મુખ્ય બજારોમાં ફરીને વથાણ ચોક ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે સમાપ્ત થઈ હતી. આ પ્રસંગે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. સાથેજ વિવિધ સમાજના આગેવાનો પણ જોડાયા હતા. તિરંગા યાત્રામાં સેનાના જવાનોના શૌર્યને બિરદાવવામાં આવ્યું હતું..

---------------------------------------------------------------------------------------

## આદિપુરમાં રેઇનવોટર હાર્વેસ્ટિંગ થીમ પાર્ક

પાણીના ટકાઉ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલાં રૂપે સિન્ધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન સંસ્થા દ્વારા આદિપુરના આદિસર પાર્ક ખાતે રેઈનવોટર હાર્વેસ્ટિંગ થીમ પાર્કનું ખાતમુહૂર્ત કરાયું હતું. ગુજરાતમાં આ પ્રકારનો પ્રથમ પાર્ક આદિપુરમાં બનશે અને તેના થકી જળસંચય અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાની મહત્ત્વની કામગીરી થશે.

આ અગ્રણી પ્રોજેક્ટ સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન અને સેન્ટર ફોર વોટર એન્ડ સેનિટેશન સી.આર.ડી.એફ. સેપ્ટ યુનિવર્સિટીના સહયોગથી વિકસાવવામાં આવી રહ્યો છે. આ થીમ પાર્કનો ઉદ્દેશ શૈક્ષણિક અને પ્રદર્શન કેન્દ્ર તરીકે કામ કરવાનો છે, જે રેઈનવોટર હાર્વેસ્ટિંગની વિવિધ નવીન તકનિકોને પ્રદર્શિત કરાશે.

---------------------------------------------------------------------------------

## કચ્છમાં ગરમી

કચ્છ જિલ્લામાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. જિલ્લામાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચતા જનજીવન પ્રભાવિત થયું છે. જિલ્લા મથક ભુજમાં મધ્યાહ્ને તાપમાન 41 ડિગ્રી નોંધાયું છે. ઉકળાટ અને સખત તાપના કારણે લોકો ઘર કે કામકાજના સ્થળ બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગરમીથી રાહત મળવાના કોઈ સંકેત નથી.

---------------------------------------------------------------------------------

## ભુજમાં પ્રજ્ઞાચક્ષુઓ દ્વારા કાર્યક્રમ

નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ કચ્છ ડિસ્ટ્રિક બ્રાન્ચ ભુજ અને ભુજ મર્કેન્ટાઈલ કો ઓપરેટિવ બેંક લિમિટેડ તેમજ કચ્છમિત્રના સંયુક્ત ઉપક્રમે `એક શામ નેત્રહિનો કે નામ કાર્યક્રમ 24 મેના રાત્રે ટાઉન હોલ ભુજ ખાતે ગુજરાતના ખ્યાતનામ પ્રજ્ઞાચક્ષુ કલાકારો દ્વારા હિન્દી ફિલ્મી સંગીતનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ કચ્છ કલેક્ટરની ઉપસ્થિતિમાં દિવ્યાંગોના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસના લાભાર્થે યોજવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## ગોવર્ધન પર્વતની પ્રવાસન ટીમે લીધી મુલાકાત

અંજાર તાલુકાના  સતાપર પાસે આવેલો ગોવર્ધન પર્વત  આસ્થાળુઓ અને  પ્રવાસીઓ માટે આસ્થાનું  કેન્દ્ર બન્યું છે. આ જગ્યાનો વધુ સારી રીતે વિકાસ થાય અને  બહારથી આવતા

યાત્રાળુઓને લાભ મળે તે હેતુસર ગુજરાત રાજ્ય સરકારના પ્રવાસન નિગમ દ્વારા એક પ્રોજેક્ટ તૈયાર કરી રૂપિયા 19 કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ અંતર્ગત ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરવા ગાંધીનગરથી પ્રવાસન નિગમની એક ટીમ આવી હતી.

------------------------------------------------------------------------------------